## ગ્લોબલ ટેરી ટોવેલ એક્સપો એન્ડ સમિટ ૨૦૧૯ ૨૫-૨૭ સપ્ટેમ્બરે સોલાપુરમાં યોજાશે




અમદાવાદઃ ધ વાઈબ્રન્ટ ટેરી ટોવેલ ગ્લોબલ એક્સપો એન્ડ સમિટ ૨૦૧૯ સોલાપુરમાં ૨૫મીથી ૨૭મી ઓગસ્ટ વચ્ચે સોલાપુરમાં યોજાશે, જેમાં કપાસ ઉગાડનારા અને ઉત્પાદકોથી ટ્રેડરો, નિકાસકારો અને આયાતકારો ટેરી ટોવેલ ઉત્પાદકો માટે માર્કેટિંગ અને નિકાસની તકોનો લાભ લેવા અને ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચેનું અંતર દૂર કરવા માટે અજોડ મંચ પર એકત્ર આવશે. ધ વાઈબ્રન્ટ ટેરી ટોવેલ ગ્લોબલ એક્સપો એન્ડ સમિટ ૨૦૧૯ કર્મવીર અપ્પાસાહેબ કદાદી સાંસ્કૃતિક ભવાવ, સિદ્ધેશ્વર સહકારી શુગર ફેક્ટરી વિસ્તાર, હોટગી રોડ, સોલાપુર, મહારાષ્ટ્ર ખાતે યોજાશે.

ટેક્સટાઈલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ગ્લોબલ નેટવર્ક (ઈન્ટરનેશનલ ટ્રેડ એડવાઈઝર) સાથે સહયોગમાં આયોજિત અને સહકાર, માર્કેટિંગ અને ટેક્સટાઈલ મંત્રાલયના ટેકાથી યોજાનારા આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારના ટુવાલ સાથે અજોડ જેકર્ડ ગૂંથણ કરેલા ટેરી ટુવાલ અને અન્ય બાથ લિનેન પ્રોડક્ટો પ્રદર્શિત કરાશે, જે વૈશ્વિક સ્તરે વેપાર કડીઓ જોડવામાં મદદરૂપ થશે. વૈશ્વિક ખરીદદારો મહારાષ્ટ્રના ચુનંદા પુરવઠાકારોને મળશે, જેથી તેમની આગામી પ્રાપ્તિના સોદા અને ખાનગી લેબલો પર વાટાઘાટ કરી શકશે.

આ સમિટ ઉત્પાદકો અને ખરીદદારોને એક મંચ પર લાવવા સાથે સહભાગીઓ સાથે ચર્ચા અને આદાનપ્રદાન સત્રો થકી આ ક્ષેત્રની નવી ટેકનોલોજીઓ અને ઈનોવેશન્સ પણ પ્રદર્શિત કરશે. ઉપરાંત તે ઉત્પાદકોને નિકાસ બજાર માટે અજોડ પ્રોડક્ટો વિકસાવવા માટે પ્રોત્સાહન આપવા સાથે ઘરઆંગણાની અને આંતરરાષ્ટ્રીય બજારો માટે પ્રત્યક્ષ નેટર્વકિંગ તકો પણ સ્થાપિત કરવામાં મદદરૂપ થશે. ટુવાલ અને બાથ લિનેન ક્ષેત્ર દ્વારા સામનો કરાતા પડકારો માટે નિવારણો પણ પૂરાં પાડવામાં આવશે, એમ ટીડીએફના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજેશ ગોસ્કીએ જણાવ્યું હતું. (૨૨-૧)

## શેફલર ઈન્ડિયાએ પુણેમાં નવું કોર્પોરેટ હેડક્વાર્ટર સ્થાપ્યું




અમદાવાદઃ ઔદ્યોગિક અને ઑટોમેટિવ સપ્લાયર અગ્રણી શેફલર ઈન્ડિયા લિમિટેડ (બીએસઈઃ ૫૦૫૭૯૦, એનએસઈઃ શેફલર)એ આજે ભારતના પુણેમાં નવી કોર્પોરેટ ઓફિસ શરૂ કરવાની જાહેરાત કરી છે. નવી કચેરી જે તમામ કોર્પોરેટ અને વેચાણ કાર્યોને મજબૂત કરે છે તે હવે ભારતના મુખ્ય મથક તરીકે કાર્ય કરશે. ભારતમાં ત્રણ કાનૂની સંસ્થાઓના મર્જરની સમાપ્તિ પછી, નવી ઓફિસ એક મજબૂત એન્ટિટીને એકીકૃત કરવા અને સ્થાપિત કરવાની દિશામાં એક મહત્ત્વનું લક્ષ્ય છે.

પુણે શહેરમાં સ્થિત, નવી ઓફિસની જગ્યા શેફલરની નવી કાર્ય પદ્ધત્તિ મુજબ ડિઝાઈન કરવામાં આવી છે અને કર્મચારીઓને આધુનિક કાર્ય માટે યોગ્ય વાતાવરણ, જોડાયેલ, ખુલ્લા અને ઉત્પાદક, ઓપન ઓફિસ લેઆઉટ, વર્ચુઅલ મીટિંગ રૂમ, સીમલેસ બ્રેકઆઉટ અને હડલ ઝોન જેવા વિચાર સાથે, નવી ઓફિસ સહયોગ અને સર્જનાત્મકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે. (૧૯-૮)

## ઈલેકટ્રીક વ્હીકલ પર સબસિડી અને કન્સેશનલ જીએસટીને કારણે ગ્રાહકોને ૩૫ ટકાનો ફાયદો મળશે




અમદાવાદ : જિતેન્દ્ર ન્યુ ઈવી ટેક દ્વારા ઈલેકટ્રીક સ્કૂટર JMT 1000 HS (હાઈસ્પીડ)ની રૂ. ૭૫,૦૦૦ની કિંમતમાં ગુજરાતમાં રજૂઆત કરવામાં આવી છે. નવા JMT 1000 HSમાં માત્ર આઠ સેકન્ડમાં ૦-૪૦ કિમીનો પિકઅપ અને ડબલ સીટમાં ૨૦૦ કિલોગ્રામ વજનની વહન ક્ષમતા છે. ઈલેકટ્રીક બાઈક લિથિયમ આયન બેટરી પર ચાલે છે. જે માત્ર ત્રણ કલાકમાં સંપૂર્ણ ચાર્જ થઈ જાય છે. તેની ડ્રાઈવિંગ ક્ષમતા ૯૦ કિમી સુધીની છે.

જિતેન્દ્ર ન્યુ ઈવી ટેક પ્રા. લિ.નાં મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જિતેન્દ્ર શાહે જણાવ્યું હતું કે, અમે JMT 1000 HS ની શરૂઆતમાં રૂ.૧,૧૦,૦૦૦ની કિંમત રાખી હતી. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં વિવિધ ઈન્સેન્ટીવને કારણે આ બાઈક અમે માત્ર રૂ. ૭૫,૦૦૦ની કિંમતમાં રજૂ કરી શક્યા છીએ. કેન્દ્ર સરકારની ફેમ-૨ સ્કીમ (ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુ. ઓફ હાયબ્રીડ એન્ડ ઈલેકટ્રીક વ્હીકલ્સ) અને પાંચ ટકા જીએસટીને કારણે આ બાઈક સસ્તી થઈ શકી છે. JMT 1000 HSને ગુજરાત રાજ્ય સરકારની સબસિડી મળી છે અને તેને જીએસઆરટીઓ વ્હીકલ રજિસ્ટ્રેશન ટેક્સમાંથી મુક્તિ મળી છે. ઘણી શહેરી સ્થાનિક સંસ્થાઓ તેમના પાર્કિંગ પ્લોટસમાં ઈલેક્ટ્રીક વ્હીકલ્સને ફ્રી પાર્કિંગ આપવાનું વિચારી રહી છે. (૨૨-૧)

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

### પોલીસે હુમલાખોરને ઠાર માર્યો,હુમલાખોરેએ ટ્રક હાઈજેક કરી ફાયરિંગ કર્યું

# અમેરિકાના ટેક્સાસમાં અંધાધૂંધ ફાયરિંગઃ ૫ના મોત, ૨૧ ઘાયલ

ટેક્સાસઃ અમેરિકાના ટેક્સાસમાં મિડલેન્ડ અને ઓડેસા શહેરની વચ્ચે શનિવારે થયેલા ગોળીબારમાં ૫ લોકોના મોત થયા છે અને ૨૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મિડલેન્ડના સિનર્જી ફિલ્મ સિનેમાની પાસે પોલીસે હુમલાખોરનો પીછો કરીને તેને ઠાર માર્યો છે. હાલ તેની આળખ કરી શકાઈ નથી. ઓડેસા શહેરના અધિકારીઓએ આ જાણકારી આપી હતી.

પોલીસના જણાવ્યા મુજબ હુમલાખોર બાઈક પર આવ્યો અને અમેરિકાના પોસ્ટલ વિભાગની ગાડી હાઈજેક કરી લીધી હતી. ત્યારબાદ તેણે લોકો પર ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો હતો. ઓડેસા સિટી પોલીસના વડા માઈકલ ગેરકે જણાવ્યું હતું કે, ટેક્સાસના એક અધિકારીએ જ્યારે હુમલાખોરને રોકવાનો પ્રયાસ કર્યો તો તેણે અધિકારીને પણ ગોળી મારી દીધી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, અમને લાગ્યું કે, એક હુમલાખોર ગોલ્ડ/સફેદ રંગની ટોયોટામાં છે અને અન્ય એક હુમલાખોર યુએસ પોસ્ટલ સર્વિસની વેન ચલાવી રહ્યો છે. ત્યારબાદ પોલીસે ફેસબુક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, વિસ્તારમાં હાલ કોઈ પણ શૂટર સક્રિય નથી. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે જણાવ્યું કે, ટેક્સાસ રાજ્ય અને જનસુરક્ષા જરૂરિયાત મુજબ પ્રભાવિતોને પ્રત્યેક મદદ પહોંચાડવાના પ્રયાસ કરી રહ્યું છે.

ગત મહિનામાં પણ ટેક્સાસમાં ગોળીબાર થયો હતો, જેમાં હુમલાખોર સહિત ૨૯ લોકોના મોત થયા હતા. અધિકારીક આંકડાઓ મુજબ, ૨૦૧૭માં ગોળીબારમાં અમેરિકામાં લગભગ ૪૦,૦૦૦ મોત થયા છે. આ આંકડો ૫૦ વર્ષમાં સૌથી ઓછો છે.

અમેરિકાના ટેક્સાસમાં મિડલેન્ડ અને ઓડેસા શહેરની વચ્ચે શનિવારે થયેલા ગોળીબારમાં ૫ લોકોના મોત થયા છે અને ૨૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મિડલેન્ડના સિનર્જી ફિલ્મ સિનેમાની પાસે પોલીસે હુમલાખોરનો પીછો કરીને તેને ઠાર માર્યો છે. હાલ તેની આળખ કરી શકાઈ નથી. ઓડેસા શહેરના અધિકારીઓએ આ જાણકારી આપી હતી.

પોલીસના જણાવ્યા મુજબ હુમલાખોર બાઈક પર આવ્યો અને અમેરિકાના પોસ્ટલ વિભાગની ગાડી હાઈજેક કરી લીધી હતી. ત્યારબાદ તેણે લોકો પર ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો હતો. ઓડેસા સિટી પોલીસના વડા માઈકલ ગેરકે જણાવ્યું હતું કે, ટેક્સાસના એક અધિકારીએ જ્યારે હુમલાખોરને રોકવાનો પ્રયાસ કર્યો તો તેણે અધિકારીને પણ ગોળી મારી દીધી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, અમને લાગ્યું કે, એક હુમલાખોર ગોલ્ડ/સફેદ રંગની ટોયોટામાં છે અને અન્ય એક હુમલાખોર યુએસ પોસ્ટલ સર્વિસની વેન ચલાવી રહ્યો છે. ત્યારબાદ પોલીસે ફેસબુક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, વિસ્તારમાં હાલ કોઈ પણ શૂટર સક્રિય નથી. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે જણાવ્યું કે, ટેક્સાસ રાજ્ય અને જનસુરક્ષા જરૂરિયાત મુજબ પ્રભાવિતોને પ્રત્યેક મદદ પહોંચાડવાના પ્રયાસ કરી રહ્યું છે.

ગત મહિનામાં પણ ટેક્સાસમાં ગોળીબાર થયો હતો.

## પાકિસ્તાન નેતા અલ્તાફ હુસૈને જાહેરમાં ગાયુ સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા

ઈસ્લામાબાદઃ જમ્મુ-કાશ્મીરથી આર્ટિકલ ૩૭૦ હટાવવા અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં વહેંચવાના મોદી સરકારના નિર્ણયથી ભારત અને પાકિસ્તાનની વચ્ચે તણાવ વધી ગયો છે. એવામાં પાકિસ્તાનના એક મોટા નેતાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં પાકિસ્તાન મુત્તિહિદા કોમી મૂવમેન્ટના સંસ્થાપક અલ્તાફ હુસૈન સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા ગીત ગાતા જોવા મળી રહ્યા છે.

અલ્તાફ હુસૈન ભારતના વિભાજનના આલોચક અને પાકિસ્તાનમાં શરણાર્થીઓનું સમર્થન કરનારા નેતા તરીકે ઓળખવામાં આવે છે. આ પહેલા અલ્તાફ હુસૈને કાશ્મીરીઓને પાકિસ્તાની સેના અને પાકિસ્તાન સરકાર પર વિશ્વાસ ન મૂકવાની ચેતવણી આપી હતી. તેઓએ કહ્યું હતું કે આપને અપીલ કરું છું કે પાકિસ્તાની સેના અને સરકારની વાતો પર વિશ્વાસ મૂકવાનું બંધ કરો. પાકિસ્તાની સેના અને સરકાર બંને છેલ્લા ૭૨ વર્ષથી આજ સુધી આપને છેતરતા રહ્યા છે.

અલ્તાફે પાકિસ્તાનની સેનાની કાશ્મીરને લઈને પ્રોપાગેન્ડાને ખોટો ગણાવતાં કહ્યું હતું કે પાકિસ્તાની સેનાએ કેટલાક સ્લોગન બનાવેલા છે જેનાથી તેઓ કાશ્મીરીઓને ઠગી રહ્યા છે. જેમકે, 'કાશ્મીર બનેગા પાકિસ્તાન', 'હમ લેકે રહેંગે આઝાદી'. તેઓએ કહ્યું કે, આઝાદી બીજું કંઈ નહીં બસ અલ્લાહ છે. હુસૈને કહ્યું કાશ્મીર પાકિસ્તાન માટે ગળાનીછ નસ જેવું છે. પાકિસ્તાની સેના ખભાથી ખભા મેળવીને ચાલી રીહ છે અને સમગ્ર પાકિસ્તાની સેના કાશ્મીરના લોકોની સાથે ઊભી છે.

જમ્મુ-કાશ્મીરથી આર્ટિકલ ૩૭૦ હટાવવા અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં વહેંચવાના મોદી સરકારના નિર્ણયથી ભારત અને પાકિસ્તાનની વચ્ચે તણાવ વધી ગયો છે. એવામાં પાકિસ્તાનના એક મોટા નેતાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં પાકિસ્તાન મુત્તિહિદા કોમી મૂવમેન્ટના સંસ્થાપક અલ્તાફ હુસૈન સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા ગીત ગાતા જોવા મળી રહ્યા છે. અલ્તાફ હુસૈન ભારતના વિભાજનના આલોચક અને પાકિસ્તાનમાં શરણાર્થીઓનું સમર્થન કરનારા નેતા તરીકે ઓળખવામાં આવે છે.

**OCEAN AGRO (INDIA) LIMITED**

CIN: L15174GJ1990PLC013922
Regd. Office: A 207, OXFORD AVENUE, OPP. C. U. SHAH COLLEGE, ASHRAM ROAD, AHMEDABAD - 380 014
PHONE: (0265) 2351223, 2313690 (FAX) 0)
E MAIL: kaushik_parikh@yahoo.com

**NOTICE OF THE 29TH ANNUAL GENERAL MEETING**

NOTICE is hereby given that the 29 Annual General Meeting (AGM) of Members of OCEAN AGRO (INDIA) LIMITED will be held on Saturday the 28th September, 2019 at -207, Oxford Avenue, Opp. C. U. Shah College, Ashram Road, Ahmedabad 380014 at 9.30 a.m. to transact the Businesses as set out in the Notice convening the AGM. The Notice of AGM, Annual report and Attendance slip have been sent in electronic mode to the members whose e-mail IDs are registered with the Company/ Depository Participant(s) and physically to other members in the permitted mode. The above documents are also available on the Company's website - www.oceanagro.com.

Notice is also hereby given pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 ("Act') and the applicable rules framed there under that the Register of Members and Share Transfer Book of the Company will remain Closed from 21% September, 2019 to 27th September, 2019 (both days inclusive) for the purpose of AGM.

Pursuant to the provisions of Section 108 of the Act and Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as amended and Regulation 44 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, members are provided with the facility to cast their vote electronically, through e-voting facility provided by the Central Depository Services (India) Limited (CDSL) on all resolutions set forth in the AGM notice. The voting rights shall be in proportion to the shares held by members as on 21st September, 2019, being the cut-off date.

The remote e-voting commences on Tuesday, September 24, 2019 at 9.00 a.m. and will end on Friday, September 27, 2019 at 5.00 p.m. During this period, members, holding shares either in physical form or in dematerialization form, as on the cut-off date i.e. 21s September, 2019, can cast their vote electronically in the manner and process set out in the AGM Notice. The remote e-voting module shall be disabled for voting thereafter. Once the vote on a resolution is cast by the member, the member will not be allowed to change it subsequently. A member can participate in the AGM even after exercising the right to vote through remote e-voting but will not be allowed to vote again at the AGM. Members not opting for remote e-voting will be offered the facility to vote at the venue of the AGM. A member can opt for only one mode of voting i.e. either through remote e-voting or at the AGM venue.

In case of any queries or grievances pertaining to e-voting, members may refer to the Frequently Asked Questions ("FAQs") and the e-voting manual available at www.evotingindia.com, under help section or with an e-mail to helpdesk, helpdesk.evoting@cdslindia.com.

For, Ocean Agro (India) Limited,
Sd/-
Kaushik B. Parikh
Managing Director
DIN: 00489853

Place: Ahmedabad
Date: 30th August, 2019

**નાદારી અને નાદારી કોડ, ૨૦૧૬ હેઠળ**
**સંપત્તિવેચાણ માટેની નોટીસ .**
**ઈ-હરાજી વેચાણ નોટીસ**

પ્રોજેક્ટ માસ્ટર ઈલેક્ટ્રીકલ્સ પ્રાઈવેટ લીમીટેડ (લિક્વીડેશનમાં)
(સીન : U74999MH2009PTC197147)

**રજી. ઓફીસ**- ૧૦૫, હિરા પન્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઓફ આરેય રોડ, ગોરેગાવ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૩

**મિલકત એઃ** જમીન અને બિલ્ડિંગ એટ્ આદિશ્વર કોમ્પ્લેક્ષ, સર્વે નં. ૭૨૮/૧ ગામ ડાભેલ, નાની દમણ, જિલ્લો- દમણ ૩૯૬૨૧૫.

**મિલકત બીઃ** જમીન અને બિલ્ડિંગ એટ્ આદિશ્વર કોમ્પ્લેક્ષ, સર્વે નં. ૭૩૦/૧, ૭૩૦/૪, ૭૩૧/૧ ગામ ડાભેલ, નાની દમણ, જિલ્લો- દમણ ૩૯૬૨૧૫.

**મિલકત સીઃ** જમીન એટ્ સર્વે નં. ૯૮/૨/પી, ગામ કરાજગામ, દમણ અને દીવ, સિલવાસા.

મિલકત ડી : પ્લાન્ટ અને મશીનરી એન્ડ કરેનન્ટ એસેટ્સ ( સ્ટોક, ઓફીસ એક્વિપમેન્ટ્સ વગેરે) સ્થિત એટ્ આદિશ્વર કોમ્પ્લેક્ષ, સર્વે નં. ૭૨૮/૧, ૭૩૦/૧, ૭૩૦/૪, ૭૩૧/૧ ગામ ડાભેલ, નાની દમણ, જિલ્લો દમણ ૩૯૬૨૧૫.

**"જેમ છે જ્યાં છે એ સ્થિતિમાં વગર રિસોર્સેસના આધારે" આ સંપત્તિ કોર્પોરેટ દેવાદાર ખરીદી શકે છે.**

| મિલકતની વિગત | રિઝર્વ પ્રાઈઝ (રકમ લાખમાં) | ઈએમડી ( ૧૦ ટકા રિઝર્વ પ્રાઈઝ) લાખમાં રકમ |
|---|---|---|
| મિલકત એ | ૮૧.૦૦ | ૮.૧૦ |
| મિલકત બી | ૧૯૫.૦૦ | ૧૯.૫૦ |
| મિલકત સી | ૩૦૦.૦૦ | ૩૦.૦૦ |

ફિલ્ડ જોવાની તારીખ : ૦૯.૦૯.૨૦૧૯ ( અપેક્ષિત બીડર કોન્ફીડેન્શટીટી અંડરટેકીંગ અને સેક્શન ૨૯ એ ડિક્લેરેશન સબમીશન પછીજ ફિલ્ડ જોવે)
બીડ અને ઈએમડીના સબ્મીશન ની છેલ્લી તારીખ : ૧૩.૦૯.૨૦૧૯ના રોજ ૧૭:૦૦ વાગ્યા પહેલા
બીડ વધારવાની વેલ્યુ : રૂા. ૨,૦૦,૦૦૦/-
હરાજીની તારીખ અને સમય : ૧૬.૦૯.૨૦૧૯ના રોજ ૧૪.૦૦ વાગ્યા થી ૧૬:૦૦ વાગ્યા સુધી.
**મિલકતની વિગત તથા હરાજીના નિયમો અને શર્તોની મેમોરેન્ડમ પ્રક્રિયા માટે કૃપયા વેબસાઈટ : રૅંજ:// ncltauction.auctiontiger.net જુઓ.**
ઈ-હરાજી સપોર્ટ માટે કૃપયા શ્રી તિલક મરાઠા અને શ્રી પુષ્પીત મારૂ એટ્ + ૯૧-૬૩૫૧૮૯૬૮૩૪/ ૦૭૯- ૬૧૨૦૦ ૫૮૧/૫૫૪/૫૯૪/૫૮૪/૫૮૬ પર સંપર્ક કરો.
ઈમેલ : Tilak@auctiontiger.net/ Pushpit@auctiontiger.net/Support@auctiontiger.net

સહી/-
લિક્વીડેટર જીતેન્દ્રકુમાર આર. યાદવ
સરનામું : ૧૧, સિંધ હાઉસ, ૨જો માલ, ૨૩ અંબાલાલ દોષી માર્ગ, બીએસઈ બિલ્ડિંગ પાસે, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧
મોબાઈલ : + ૯૧ ૯૬૯૯૦૨૪૦૦૪
ઈમેલ આઈડીઃ **jitendra.yadav0712@gmail.com**

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૪.૦૯.૨૦૧૯

**REALSTRIPS LTD.**
Manufacturer of Stainless Steel Strips & Coils
An ISO 9001 : 2000 Certified Company

**Regd. Office: Survey No.245, 246, Village: Sari, Ahmedabad-Bavla Highway, Taluka: Sanand, Ahmedabad - 382220**
**E-mail ID: info@realstrips.com, ramcharan@realstrips.com**
**Website: www.realstrips.com**
**CIN: L27100GJ1990PLC014383**

**NOTICE OF THE 28TH ANNUAL GENERAL MEETING**

NOTICE is hereby given that the 28th Annual General Meeting (AGM) of Members of Real Strips Limited will be held on Saturday, September 28, 2019 at Survey no. 245-246, Village - Sari, Ahmedabad-Bavla Highway, Taluka - Sanand, Dist: Ahmedabad - 382220 at 3.30 p.m. to transact the Businesses as set out in the Notice convening the AGM. The Notice of AGM, Annual report and Attendance slip have been sent in electronic mode to the members whose e-mail IDs are registered with the Company/ Depository Participant(s) and physically to other members in the permitted mode. The above documents are also available on the Company's website - www.realstrips.com.

Notice is also hereby given pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 ("Act') and the applicable rules framed there under that the Register of Members and Share Transfer Book of the Company will remain Closed from 21st September, 2019 to 27th September, 2019 (both days inclusive) for the purpose of AGM.

Pursuant to the provisions of Section 108 of the Act and Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as amended and Regulation 44 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, members are provided with the facility to cast their vote electronically, through e-voting facility provided by the Central Depository Services (India) Limited (CDSL) on all resolutions set forth in the AGM notice. The voting rights shall be in proportion to the shares held by members as on 21st September, 2019, being the cut-off date.

The remote e-voting commences on Tuesday, September 24, 2019 at 9.00 a.m. and will end on Friday, September 27, 2019 at 5.00 p.m. During this period, members, holding shares either in physical form or in dematerialization form, as on the cut-off date i.e. 21st September, 2019, can cast their vote electronically in the manner and process set out in the AGM Notice. The remote e-voting module shall be disabled for voting thereafter. Once the vote on a resolution is cast by the member, the member will not be allowed to change it subsequently. A member can participate in the AGM even after exercising the right to vote through remote e-voting but will not be allowed to vote again at the AGM. Members not opting for remote e-voting will be offered the facility to vote at the venue of the AGM. A member can opt for only one mode of voting i.e. either through remote e-voting or at the AGM venue.

In case of any queries or grievances pertaining to e-voting, members may refer to the Frequently Asked Questions ("FAQs") and the e-voting manual available at www.evotingindia.com, under help section or with an e-mail to helpdesk, helpdesk.evoting@cdslindia.com.

**For REAL STRIPS LIMITED**

**Place:- Ahmedabad**
**Date: 2nd September, 2019**

**Prakashraj S. Jain**
**Joint Managing Director**

**અક્ષીતા કોટન લિમિટેડ**

સીઆઈએનઃ એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
રજિસ્ટર્ડ ઑફિસઃ સર્વે ક્રમાંક ૩૨૪ ૩૫૭ ૩૫૮, કડી થોલ રોડ, બોરીસના, કડી, મહેસાણા - ૩૮૨ ૭૧૫, ગુજરાત.
વેબ સાઈટઃ www.axitacotton.com; ઈ-મેઈલઃ cs@axitacotton.com;
મોબાઈલ નં.: +૯૧ - ૬૩૫૮૭ ૪૭૫૧૪

**છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભા અને બુક ક્લોઝરની સૂચના**

આથી અહી સૂચના આપવામાં આવી છે કે અક્ષીતા કોટન લિમિટેડ ના સભ્યોની છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે કંપનીની નોંધણી કચેરી ખાતે સ્થિત સર્વે નંબર ૩૨૪ ૩૫૭ ૩૫૮, કડી થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા- ૩૮૨ ૭૧૫, ગુજરાત યોજાશે

છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ સહિત વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનિક નકલો, એવા બધા સભ્યોને મોકલવામાં આવી હતી જેમની ઈમેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી સહભાગીઓ (ઓ) સાથે નોંધાયેલા છે. આની શારીરિક નકલો અન્ય તમામ સભ્યોને પરવાનગી મોડમાં તેમના નોંધાયેલા સરનામાં પર મોકલવામાં આવી હતી.

કંપનીના સભ્યોની રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ શનિવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શુક્રવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ (બંને દિવસો સમાવિષ્ટ) સુધી છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભાના હેતુથી બંધ રહેશે અને તે જ શનિવારથી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૯ પછીથી ફરીથી ખોલવામાં આવશે. સભ્યોના નામ રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯, પ્રમાણે જાળવવામાં આવેલા લાભકારી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા સભ્યો, પર મતદાન કરવાનો હકદાર રહેશે

કંપનીના શેરો, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડીના ઇશ્યૂ અને જાહેરાત જરૂરિયાતો) નિયમો, ૨૦૧૮ ના પ્રકરણ IX તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડીના ઇશ્યૂ અને જાહેરાત જરૂરિયાતો) નિયમો, ૨૦૦૯ ના પ્રકરણ XB ની દ્રષ્ટિએ બીએસઈ લિમિટેડ પર સૂચિબદ્ધ છે જેના લીધે કંપનીએ, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ હેઠળ શેરહોલ્ડરોને ઇ-વોટિંગ સુવિધા પૂરી પાડવાની જરુર નથી. તેથી સભ્યોની છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભા મતદાન કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૯ મુજબ મતદાનની માંગણી કરીને હાથ ધરવામાં આવશે.

છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભાની સભાની નોટિસ સહિત વાર્ષિક અહેવાલ પણ કંપનીની વેબસાઈટ www.axitacotton.com પર ઉપલબ્ધ છે.

ઠરાવોના પરિણામો કંપનીના એજીએમ પર અથવા પછી જાહેર કરવામાં આવશે. સ્ક્રૂટિનાઇઝરના અહેવાલ સાથે જાહેર કરાયેલા પરિણામો કંપનીની વેબસાઈટ www.axitacotton.com પર મૂકવામાં આવશે અને બીએસઈ લિમિટેડને જણાવવામાં આવશે.

છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભા સાથે જોડાયેલ કોઈપણ પ્રશ્નો અથવા ફરિયાદનું નિરીક્ષણ કંપનીના કંપની સચિવને ઇ-મેલ cs@axitacotton.com પર કરી શકાય છે.

બોર્ડના આદેશ દ્વારા
અક્ષીતા કોટન લિમિટેડ
--sd—
કુશલ પટેલ, વહીવટી સંચાલક
ડીઆઈએનઃ ૦૬૬૨૬૬૩૯

સ્થાનઃ કડી, મહેસાણા
તારીખઃ સપ્ટેમ્બર ૦૩, ૨૦૧૯

**ASYA INFOSOFT LIMITED**

**REGISTERED OFFICE:- H.N. House C-4th Floor, (Nidhi Complex), Stadium 5 Roads, Navrangpura, Ahmedabad - 380009 |Phone: 079-26462334/26462335|Email: sayainv@gmail.com | Web: www.sayait.com**

**34rd AGM NOTICE**

Notice is hereby given that the Company's 34th Annual General Meeting will be held at H.N. House C-4th Floor, (Nidhi Complex), Stadium 5 Roads, Navrangpura, Ahmedabad - 380009 on 27.09.2019 at 11.30 A.M to transact the business as mentioned in the Notice dated 31.08.2019 being posted along with the Explanatory Statement together with the Annual Report of the Company for the year ended 31st March, 2019, to the members at their registered address.

Notice is also given u/s 91 of the Companies Act, 2013 that Register of Members and Share Transfer Books of the Company will remain close from 20.09.2019 to 27.09.2019 (Both days inclusive).

By order of the Board of Directors
**For, Asya Infosoft Limited**
Sd/-
**Managing Director**
(DIN: 00913411)

Date :- 31/08/2019
Place :- Ahmedabad

**ગોકુલ એગ્રો રિસોર્સિસ લિમિટેડ**

(CIN: L15142GJ2014PLC080010)
રજિ. ઓફિસઃ ૮૦૧-૮૦૫, દ્વાર્કેશ બિઝ્નેસ હબ, વિસામો સોસાયટી સામે, મોટેરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૫.
ફોનઃ ૦૭૯-૬૭૧૨૩૫૦૦/૦૧ વેબઃ www.gokulagro.com
ઈ-મેઈલઃ chinar.cs@gokulagro.com

**પાંચમી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે ગોકુલ એગ્રો રિસોર્સિસ લિમિટેડના સભ્યોની પાંચમી વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. સપ્ટેમ્બર ૨૮, ૨૦૧૯ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મેપલ ૯૯, તપોવન સર્કલ, ટ્રુ વેલ્યુ – મારુતિ શો-રૂમની બાજુમાં, ચાંદખેડા, અમદાવાદ – ૩૮૨ ૪૨૪ ખાતે રાખવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, સભામાં પસાર કરવાનાં ઠરાવોને સમાવતી નોટિસ સાથે સભ્યોના ઇ-મેઇલ એડ્રેસ પર અને જે સભ્યોનાં ઇ-મેઇલ એડ્રેસ ઉપલબ્ધ નથી, તેમને તેમના નોંધાયેલ સરનામે મંગળવાર તા. સપ્ટેમ્બર ૩, ૨૦૧૮ ના રોજ મોકલી આપવામાં આવશે.

કંપની ધારા ૨૦૧૩ની કલમ-૯૧ તેમજ તે કલમનાં નિયમો અને સેબી લિસ્ટિંગ નિયમો મુજબ કંપનીના સભ્યો અને શેર ફેરબદલના રજિસ્ટર શુક્રવાર, સપ્ટેમ્બર ૨૦, ૨૦૧૯ થી શુક્રવાર, સપ્ટેમ્બર ૨૭, ૨૦૧૯ સુધી (બન્ને દિવસો સહિત) બંધ રહેશે.

કંપની ધારા ૨૦૧૩ની કલમ-૧૦૮ તેમજ તે કલમનાં નિયમો અને સેબી લિસ્ટિંગ નિયમો મુજબ કંપનીએ તેના સભ્યોને નોટિસમાં સમાવેલ બધાં ઠરાવ પર સામાન્ય સભા સિવાયનાં સ્થળ પરથી ઇલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગ (રિમોટ ઇ-વોટિંગ) કરવાની સગવડ આપેલ છે. આ સુવિધા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ લિમિટેડ (CDSL)ના ઇલેક્ટ્રોનિક માધ્યમથી આપવામાં આવશે. આથી બધાં સભ્યોને જણાવવાનું કે :

૧. પાંચમી સામાન્ય સભાની નોટિસમાં સમાવેલ બધા ઠરાવો પર ઇલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગ થઈ શકશે.

૨. રિમોટ ઇ-વોટિંગની સુવિધા બુધવાર, સપ્ટેમ્બર ૨૫, ૨૦૧૯ ના રોજ સવારે ૯.૦૦ કલાકથી શરૂ થશે અને શુક્રવાર, સપ્ટેમ્બર ૨૭, ૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી ચાલુ રહેશે. તે પછી CDSL દ્વારા બંધ કરી દેવામાં આવશે.

૩. ઇ-વોટિંગ અને સામાન્ય સભામાં મત આપવા માટેની યોગ્યતા ધરાવતાં સભ્યો નક્કી કરવાની તારીખ (cut-off date) ગુરૂવાર, સપ્ટેમ્બર ૧૯, ૨૦૧૯ નિર્ધારિત કરેલ છે.

૪. જે વ્યક્તિ એ સામાન્ય સભાની નોટિસ મોકલ્યા પછી શેર ખરીદેલ હોય, અને cut-off date એટલે કે સપ્ટેમ્બર ૧૯, ૨૦૧૯ના રોજ કંપનીના સભ્ય હોય, તેમણે રિમોટ ઇ-વોટિંગની સુવિધાનો લાભ લેવા માટેની માહિતી સામાન્ય સભાની નોટિસ અને CDSL ની વેબસાઈટ www.evotingindia.com પરથી મેળવી લેવી.

૫. ઇ-વોટિંગને લગતાં કોઈપણ પ્રશ્નો માટે ઇ-મેઇલ મારફતે helpdesk.evoting@cdslindia.com પર અથવા ફોન મારફતે ૧૮૦૦૨૦૦૫૫૩૩, ૦૨૨-૨૨૭૨૩૩૩૩ પર CDSL નો સંપર્ક કરવો.

૬. તમામ સભ્યો એ નોંધ લેવી કે-

અ. કોઈપણ ઠરાવ પર એક વખત ઇ-વોટ કરી લીધા પછી તેમાં ફેરફાર કરી શકાશે નહીં.

બ. જે સભ્યો એ રિમોટ ઇ-વોટિંગ કરેલ નથી, તે સભ્યો સામાન્ય સભામાં મતપત્રક (બેલોટ પેપર) થી મતદાન કરી શકશે.

ક. જે સભ્યો એ રિમોટ ઇ-વોટિંગ કરેલ છે, તે સામાન્ય સભામાં ભાગ લઇ શકશે પણ મત આપી શકશે નહી.

ડ. cut-off date એટલે કે સપ્ટેમ્બર ૧૯, ૨૦૧૯ના રોજ કંપનીના રજીસ્ટરમાં સભ્ય હોય અથવા તો ડિપોઝિટરીના રજીસ્ટરમાં બેનિફિસીયલ ઓનર હોય, તે જ વ્યક્તિઓ રિમોટ ઇ-વોટિંગ કે સામાન્ય સભામાં મત આપવાની યોગ્યતા ધરાવે છે.

વાર્ષિક અહેવાલ, સામાન્ય સભાની નોટિસ સાથે કંપનીની વેબસાઈટ www.gokulagro.com, RTAની વેબસાઈટ www.linkintime.co.in અને CDSL ની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ છે. જે સભ્યોને વાર્ષિક અહેવાલની હાર્ડકોપી જોઈતી હોય તે કંપનીને chinar.cs@gokulagro.com કે RTAને ahmedabad@linkintime.co.in પર ઈ-મેઈલ કરી મેળવી શકે છે.

કંપની એ શ્રી ચિરાગ શાહ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી, અમદાવાદની સ્ક્રૂટીનાઇઝર તરીકે નિમણૂંક કરેલ છે, જે સામન્ય સભામાં થનાર મતદાન અને રિમોટ ઇ-વોટિંગની કાર્યવાહી યોગ્ય અને પારદર્શક રીતે થાય તેની ચકાસણી કરશે.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી,**
**ગોકુલ એગ્રો રિસોર્સિસ લિમિટેડ વતી,**
**સહી/-**
**ચિનાર જેઠવાણી**
**કંપની સેક્રેટરી & કમ્પ્લાયન્સ ઓફિસર**

**તારીખ : ઓગષ્ટ ૮, ૨૦૧૯**
**સ્થળ : અમદાવાદ**